## અન્ય ઉપિયોગી માહિતી.

૧ : લોકો દ્વારા પુછાતા પ્રશ્નો અને તેના જવાબો.

સામાન્ય રીતે લોકો દ્વારા જમીનની માંગણી,જુદા જુદા વિષયો સબંધી દાખલ થ?`લી અપીલ અરજીઓ-વિવાદ અરજીઓ સબંધી નકલોની માંગણી,નગરપાલીકા તરફથી મળેલ જવાબો સામે અસંતોષ સબંધિ રજુઆતો,નાની બચત યોજના તથા મધ્યાહન ભોજન યોજના સબંધી રજુઆતો તથા પુરવઠા વિષયક બાબતો અંગેની સમસ્યાઓ લોકોને નડતી હોય છે.આ માટે રાજ્ય કક્ષાથી તાલુકા કચેરી સુધી અધિકારી તથા કર્મચારીઓનું માળખુ સરકારશ્રી દ્વારા નિયત થયેલ છે,જે તંત્ર દ્વારા લોકોની સમસ્યાઓ તથા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે.

૨ : માહિતી મેળવવા અંગેના અરજીપત્રકો,તે સબંધિ ફી,અરજી કરવાની પદ્ધતિ તથા તે સબંધી માર્ગદર્શન તેમજ માહિતી આપવાના ઈન્કારના કિસ્સામાં અધિકાર તેમજ અપીલ કરવા સબંધી કાર્યવાહી.

આ કાયદા હેઠળ હવેથી માહીતી મેળવવા માટે અરજદારે નમુના -"ક"માં અરજી કરવાની રહેશે.ટેન્ડર સીવાયની અન્ય માહીતી માટે અરજી દીઠ રૂ ા.૨૦ /-ની ફી લેવાપાત્ર બને છે.(નિયમ-૮ માં કરેલી જોગવાઈ અનુસાર)તે સીવાય વેચાણ માટેના પ્રકાશન સ્વરૂપે માહિતી ઉપલબ્ધ હશે તો તે પ્રકાશનની નિયત કરેલ કિંમત લેવામાં આવશે અને વેચાણ માટેના પ્રકાશન સિવાયની માહીતી માટે નિયત કરેલી પાના દીઠ ચુકવવાની થતી ફી ચુકવવાની રહેશે.

માહિતી મેળવવા માટે અરજી માહિતી અધિકારીને નમુના "ક"માં અરજી રજુ કરવાની રહે.જે અરજી સ્વીકારવાપાત્ર હશે તો તે માટે તે સમયે પાવતી આપવામાં આવશે.માંગેલ માહીતી ક્ષેત્રાધિકાર બહારની હોય તે સંજોગોમાં નમુના "ખ" માં પાવતી આપવામાં આવશે.સ્વીકારેલી અરજીના સબંધમાં અરજી ચકાસતાં જો માહિતી આપી શકાય તેમ ન નીકળે તો નમુના "ગ" માં અસ્વીકૃતિનો હુકમ અરજદારને પાઠવવામાં આવશે.જ્યારે ઉપલબ્ધ માહિતી નમુના "ખ" માં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

નમના "ગ" ના હુકમથી નારાજ વ્યક્તિ આ અધિનિયમ હેઠળ અપીલ અધિકારી તરીકે જેમને નિયત કરેલ છે.તેવા અપીલ અધિકારીને નમુના -ચ માં નિયત અપીલ ફી.રૂ ા.૫૦/-ભરી ધોરણસરની અપીલ કરી શકે છે.જે બદલની તેમને પાવતી પાઠવવામાં આવશે.

: ૩ : જાહેર તંત્ર દ્વારા લોકોને અપાતી તાલીમની બાબત.

કલેક્ટર કચેરી દ્વારા લોકોને તાલીમ અપાતી નથી.તેમ છતાં ભારે પુરની પરિસ્થિતીમાં તરવૈયાઓને જરૂરી પ્રોત્સાહન આપવામાં આવે છે.તેમજ ચુંટણીના મતદાનના અરસામાં ઇલેક્ટ્રોનીક વોટીંગ મશીન સહિત માસ્ટર ટ્રેઈનરો દ્વારા જાહેર જનતા જોગ નિદર્શનો ગોઠવી જરૂરી માહિતી-તાલીમ અપાય છે.વળી સરકારશ્રીના અનુદાનથી ચાલતી અને મહેસુ ુલી કચેરીઓ મારફત નિયંત્રણ રખાતું હોય તેવી સંસ્થાઓ આવી તાલીમ સબંધિ પ્રવૃતિઓ સમયસર અને સાચા અર્થમાં યોજે તે માટેના પ્રયન્તો હાથ ધરાય છે.

: ૪ : **નિયમ સંગહ-૧૩ માં સમાવિષ્ટ્ર ન હોય તેવા જાહેર તંત્રએ આપવાના પ્રમાણપત્રો,નાં વાંધા પ્રમાણપત્રો :**

નિયમ સંગહ-૧૩ માં સમાવિષ્ટ્ર ના હોય તેવા કોઇ પ્રમાણપત્ર અને ના-વાંધા પ્રમાણપત્ર આવવામાં આવતા નથી.સમયાંતરે અરજદાર તરફથી આવી કોઇ જરૂરીયાત ઉપસ્થિત થાય તેવા કિસ્સામાં જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી જરૂરી માહીતી મેળવી શકાય છે.

: ૫ : **નોંધણી પ્રક્રિયા અંગે**

અત્રેની કચેરીએથી નોંધણી સબંધિ કોઇ કાર્યવાહી હાથ ધરાતી નથી.

: ૬ : જાહત તંત્રે કર ઉઘરાવવા અંગે.

અત્રેથી આવા કોઇ કર સીધા ઉઘરાવવામાં આવતા નથી.જમીન મહેસુલને લગતી બાબતો અંગે ગામ્ય તથા તાલુકા કક્ષાએ ગોઠવેલ યંત્ર મારફત આ કામગીરી થાય છે.

: ૭ : **વીજળી-પાણીના હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગે :**

આ કચેરીએથી આવી કોઇ કામગીરી થતી નથી.

: ૮ : **જાહેર તંત્ર દ્વારા પુરી પાડવામાં આવેનાર અન્ય સેવાઓની વિગત.**

કચે`રીમાં તેમજ આ કચેરી હસ્તકની તાબાની કચેરીઓમાં નાગરીકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે હાથ ધરેલા પ્રયન્તો અન્વયે દરેક તાલુકે ા મથકે જન સેવા કેન્દ્રો (નાગરીક સુવિધા કેન્દ્રો) કાર્યરત કરી શકાયેલ છે.ખેડુત ખાતેદારોને ખાતે`દાર તરીકે વારેવાર જરૂર પડતી નકલો માટે રેકર્ડનું કોમ્પ્યુટરાઇઝે શન કરાવી ઇ-ધરા કેન્દ્રો કાર્યરત કરાવેલ છે.નજીકના સમયમાં તાલુકા કક્ષાએથી મતદાર ઓળખકાર્ડ આપવા માટેની કામગીરી નાગરીક અધિકારી કક્ષ દ્વારા શરૂ કરવાનુ અપેક્ષા છે.જે કામગીરી શરૂ થયેથી મતદાર ફોટો ઓળખપત્ર મે`ળવ્યા સિવાય બાકી રહેલા નાગરિકો બનતી ત્વરાએ આવા ઓળખપત્રો મેળવી શકશે.તેજ રીતે પુરવઠા વિભાગ મારફતે રોમીંગ રેશનકાર્ડ ઉપલબ્ધ કરાવવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવેલ છે.